**આંકઃ 71**

દાખલ તારીખ – ૨૭/૦૩/૨૦૨૪
રજીસ્ટર તારીખ – ૨૭/૦૩/૨૦૨૪
ફેસલ તારીખ – ૦૫/૦૫/૨૦૨૬
સમયગાળો – વર્ષ–માસ–દિવસ
2 1 8

# ફોર્મ–એ

## રાજકોટ જિલ્લાના આઠમા અધિક સેશન્સ જજશ્રી સમક્ષ, મું. રાજકોટ
## સેશન્સ કેસ નં.૬૩/૨૦૨૪

રાજકોટ શહેર, થોરાળા પોલીસ સ્ટેશન,

ગુના રજીસ્ટર નં. ૧૧૨૦૮૦૫૬૨૪૦૦૧૦/૨૦૨૪,

ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૬,૩૨૩,૩૮૬,૩૮૭,૫૦૪,૫૦૬(૨),૧૧૪

ફરિયાદી : શ્રી સરકાર
(મૂળ ફરિયાદી– મયુરભાઈ સુરેશભાઈ ટીંબડીયા)

ફરિયાદી તરફે : વિદ્વાન એડી.પી.પી.શ્રી એમ.એસ.જોષી.

આરોપીઓ : **(૧) રાજેશભાઈ વાલજીભાઈ રોકડ,**
ઉ.વ.૪૬, ધંધો કારખાનુ,
રહે.નિલકંઠ પાર્ક, મેઈન રોડ,
બ્લોક નં.સી./૯૯/૧, રાજકોટ.

**(૨) સંજયભાઈ વાલજીભાઈ રોકડ,**
ઉ.વ.૪૪, ધંધો કારખાનુ,
રહે.સાગર સોસાયટી, મેઈન રોડ,
વિનોદનગર પાઠળ, કોઠારીયા મેઈન રોડ,
રાજકોટ.

આરોપીઓ તરફે : વિદ્વાન વકીલશ્રી કે.એન.શાહ

## <u>ફોર્મ–બી</u>

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | તા.૨૧–૦૯–૨૦૨૩ થી<br>તા.૦૬–૦૧–૦૨૦૨૪ દરમ્યાન |
| એફ.આઈ.આર.ની તારીખ | તા.૦૬–૦૧–૨૦૨૪ |
| ચાર્જશીટની તારીખ | તા.૨૬–૦૨–૨૦૨૪ |
| ચાર્જ ફરમાવ્યાની તારીખ | તા.૨૮–૦૨–૨૦૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ | તા.૧૭–૦૬–૨૦૨૫ |
| ચુકાદો અનામત રાખ્યાની તારીખ | –– |
| ચુકાદો આપ્યા તારીખ | તા.૦૫–૦૫–૨૦૨૬ |
| સજાનો હુકમ સાંભળ્યાની તારીખ, જો હોય તો | –– |

## <u>આરોપીઓની વિગત</u>

| આરોપીનો ક્રમ | આરોપીનુ નામ | અટક કર્યાની તારીખ | જામીન પર છુટયાની તારીખ | ગુનાની વિગત | શું આરોપી નિર્દોષ કે સજા થયેલ તેની વિગત | સજાની વિગત | ટ્રાયલ દરમ્યાન કાચા કામે ભોગવેલ સજાનો સમયગાળો (Cr.P.C. Se.૪૨૮ મુજબ) |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | રાજેશભાઈ વાલજીભાઈ રોકડ | તા.૭–૧–૨૦૨૪ | ૩૦–૦૪–૨૦૨૪ | ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૬,૩૨૩,૩૮૬,૩૮૭,૫૦૪,૫૦૬(૨),૧૧૪ | શંકાનો લાભ | – | |
| ૨. | સંજયભાઈ વાલજીભાઈ રોકડ | તા.૭–૧–૨૦૨૪ | ૩૦–૦૪–૨૦૨૪ | | શંકાનો લાભ | – | |

## <u>ચુ કા દો</u>

(૧) આ કામે ફરિયાદ પક્ષના કેસની વિગત એવી છે કે, ફરિયાદી મયુરભાઈ રાજકોટ શહેરમાં પરિવાર સાથે રહે છે. ફરિયાદીના પિતા–ગુજરનાર સુરેશભાઈ થોરાળા વિસ્તારમાં આવેલ રામનગર શેરી નં.૨ માં "જય ખોડીયાર એન્ટરપ્રાઈઝ" નામનુ કારખાનુ ચલાવી છેલ્લા ૨૦ વર્ષથી વેપાર ધંધો કરતા હતા. તા.૨૧–૦૯–૨૦૨૩ ના રોજ સાંજના સાતેક વાગ્યે સુરેશભાઈએ ફરિયાદીને ફોન કરીને આરોપીઓ સાથે બોલાચાલી થયેલ હોવાથી ફરિયાદીને પરસાણાનગર ખાતે બજરંગ પેકેજીંગ કારખાને આવવાનુ જણાવેલ. તે વખતે ફરિયાદી ત્યાં ગયેલ ત્યારે આરોપીઓ ત્યાં હાજર હતા. તે વખતે આરોપી રાજુભાઈએ પોતાની દીકરી પુજાની સગાઈ ફરિયાદીને હિસાબે તુટી ગયેલ હોવાનુ જણાવેલ અને ફરિયાદી તથા ફરિયાદીના પિતાને જેમફાવે તેમ ગાળો આપેલ. ત્યારબાદ આરોપીઓએ ગુજરનારને ધમકી આપેલ કે, “તારી દીકરી જયોતીના તુ કેમ લગ્ન કરી લે છે તે હું જોવ છું.” ત્યારબાદ તા.૨૪–૦૯–૨૦૨૩ ના રોજ સવારે આરોપીઓએ ફરિયાદીના

પિતાના મોબાઈલ નંબરમાં ફોન કરીને સમાધાન માટે સંજયભાઈ વેલજીભાઈ રોકડના ઘરે સાગર સોસાયટીમાં સાંજે મળવા બોલાવેલ. તે વખતે ફરિયાદી તથા ગુજરનારને આરોપીઓએ ગાળો આપીને, ગુજરનાર સુરેશભાઈની હાજરીમાં ફરિયાદીને પાંચેક ફડાકા મારી દીધેલ તેમજ સ્ટીલના નાના પાઈપથી ફરિયાદીને ડાબા બાવડામાં તથા પગના સાથળમાં બે ઘા મારી દીધેલ અને સુરેશભાઇનુ જીવવુ હરામ કરી દઈશું તેવી ધમકી આપેલ હતી. ત્યારબાદ આરોપીઓએ ગુજરનારના મોબાઈલ ફોનમાં ધમકીભર્યા ફોન કરીને પુજાની સગાઈમાં થયેલ ખર્ચની માગણી કરેલ તેથી ગુજરનારે દસ લાખ રોકડા રૂપિયા આરોપીઓને આપેલ હતા. ત્યારબાદ પણ આરોપી સંજયભાઈ વધારાના પચ્ચીસ લાખ રૂપિયાની માગણી કરતા હતા. ત્યારબાદ આરોપીઓ પૈસાની બળજબરીપુર્વક માગણી કરતા હતા. તા.૫-૧-૨૦૨૪ ના રોજ સવારે ગુજરનાર કારખાને ગયેલ અને બપોરે ગુજરનારની દીકરીએ ગુજરનારને જમવા ફોન કરતા જમવા નહીં આવે તેમ જણાવેલ. ત્યારબાદ સાંજના સમયે ફરિયાદીએ તેના પિતાજીને ફોન કરતા ફોન ઉપાડતા ન હોય, ફરિયાદી કારખાને ગયેલ અને દરવાજાના અર્ધુ શટર ખોલીને જોતા ફરિયાદીએ પોતાના પિતાજી ગળે ફાંસો ખાધેલ હાલતમાં લટકતા જોયેલ અને દેકારો કરતા આજુબાજુમાંથી માણસો આવી ગયેલ અને જેથી ફરિયાદીએ ગળામાંથી દોરડુ કાઢીને શરીરને નીચે ઉતારેલ અને ૧૦૮ માં દવાખાને લઈ જતા ડોકટરે સુરેશભાઈને મરણ ગયેલ હોવાનુ જાહેર કરેલ હતુ. આમ, આરોપી નં.૧ ની દીકરી પુજાની સગાઈ તુટી ગયેલ હોય અને ફરિયાદીએ આરોપીના જમાઈને ફોન દ્વારા ફોટા મોકલાવતા આરોપીઓને ખબર પડતા આરોપીઓની સમાજમા બદનામી થતા સમાધાન માટે ફરીના ઘરે તેમજ આરોપીના સગાના કારખાને ફરિયાદીને તેમજ ફરિયાદીના પિતાજી મરણજનાર સુરેશભાઇને બોલાવી, ધાક ધમકી બળજબરીથી ફરિયાદીના પિતાજી પાસેથી રોકડ રૂા.૧૦,૦૦,૦૦૦/- (દસ લાખ) પડાવી લઇ તેમજ ફરિયાદીના પિતાજી- મરણજનાર સુરેશભાઇ પાસે બીજા રૂા.૨૫,૦૦,૦૦૦/- (પચ્ચીસ લાખ) ની માંગણી કરી રૂપિયાની સગવડ ન થતા ફરિયાદીના પિતાજી મરણજનાર સુરેશભાઇ પાસે જમીનનુ સાટાખત કરાવી લેવા આરોપી નં.૧ તથા આરોપી નં.૨ ધાકધમકી આપતા હોય, ફરિયાદીના પિતાજી મરણજનાર સુરેશભાઇ પાસે રૂપિયાની સગવડ ન થતા ફરિયાદીના પિતાજી મરણજનાર સુરેશભાઇને લાગી આવતા તા.૫-૧-૨૦૨૪ ના રોજ સાંજના પોતાની રીતે કારખાનાની છતમાં હુકમાં દરોડુ બાંધી ગળાફાંસો ખાધેલ હોય અને ફરિયાદીના પિતાજીએ લખેલ સુસાઇટ નોટમાં બંને આરોપીઓએ ફરીયાદીના પિતાજીને મરવા મજબુર કરેલ હોય તેવુ લખાણ લખી તેમજ ફરિયાદીના પિતાજી મરણજનાર સુરેશભાઇના

મોબાઈલ ફોનમાં પણ ધાકધમકી આપી જે મરણજનારને દુઃખત્રાસ આપી મરી જવુ પડે તેવા સંજોગો ઉભા કરી એકબીજાની મદદગારી કર્યાની ફરિયાદ નોંધાવેલ હતી.

(૨) ઉપરોક્ત બનાવ મુજબની એફ.આઈ.આર. તા.૬–૧–૨૦૨૪ ના રોજ રાજકોટ શહેર, થોરાળા પોલીસ સ્ટેશન, ગુના રજીસ્ટર નં.૧૧૨૦૮૦૫૬૨૪૦૦૧૦/૨૦૨૪ થી આઈ.પી.સી.ની કલમ ૩૦૬, ૩૨૩, ૩૮૬, ૩૮૭, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબની દાખલ કરવામાં આવેલ. આ ફરિયાદની સમગ્ર તપાસના અંતે પોલીસ દ્વારા આરોપીઓનુ ચાર્જશીટ રાજકોટના વિદ્વાન ચીફ જયુડી. મેજિસ્ટ્રેટશ્રીની કોર્ટમાં દાખલ કરવામાં આવેલ. આ ચાર્જશીટ ફો.કે.નં.૩૩૯૬/૨૦૨૪ થી તા.૨૬–૨–૨૦૨૪ ના રોજ નોંધવામાં આવેલ. પરંતુ સદરહું કેસની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની હકુમત સેશન્સ કોર્ટને હોય, ત્યારબાદ વિદ્વાન ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટશ્રીએ આરોપીને ફોજદારી કાર્યરીતી સંહીતા ૧૯૭૩ ની કલમ ૨૦૭ અનુસાર પોલીસ પેપર્સની નકલો પુરી પાડી, કલમ ૨૦૯ અનુસાર ફોજદારી કેસનુ સમગ્ર રેકર્ડ અને પ્રોસીડીંગ્સ નામ. સેશન્સ અદાલત, રાજકોટ તરફ કમીટ કરીને મોકલી આપેલ. જે સેશન્સ કેસ નં.૬૩/૨૦૨૪ થી તા.૨૭–૩–૨૦૨૪ ના રોજ રજીસ્ટરે લેવામાં આવેલ.

(૩) આ કામે આંક–૨૧ થી આરોપી વિરૂધ્ધ તા.૨૮–૦૨–૨૦૨૫ ના રોજ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૬, ૩૨૩, ૩૮૬, ૩૮૭, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબના શિક્ષાનેપાત્ર ગુનાનું તહોમતનામુ ઘડેલ છે જે પરત્વે આરોપીનું ગુના પરત્વેનું નિવેદન નોંધેલ છે જેમાં આરોપીને ગુનો કબૂલ નથી અને કેસ આગળ ચલાવવાનું જણાવેલ છે તેમજ આરોપીએ સ્વખર્ચે વકીલ રોકેલ છે.

(૪) ફરિયાદપક્ષે કેસની ઈન્સાફી કાર્યવાહી દરમિયાન તેમના કેસના સમર્થનમાં નીચે પ્રમાણેના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ છે.

**ફોર્મ–સી**

**પ્રોસીકયુશન તરફે મૌખિક પુરાવાઃ–**

| ક્રમ | આંક | | સાહેદની વિગત |
|---|---|---|---|
| ૧. | આંકઃ | ૨૫ | રોહીત કનુભાઈ સોલંકી– પંચસાહેદ |
| ૨. | આંકઃ | ૨૯ | સાગરભાઈ દીલીપભાઈ સરવૈયા– પંચસાહેદ |
| ૩. | આંકઃ | ૩૧ | રવિભાઈ રશ્મીનભાઈ રાણપરીયા– પંચસાહેદ |

| | | | |
|---|---|---|---|
| ૪. | આંકઃ | ૩૧એ. | યતિન મનસુખભાઈ ઝાલાવડીયા– પંચસાહેદ |
| ૫. | આંકઃ | ૩૩ | હાર્દિકભાઈ દિનેશભાઈ ઝાલાવડીયા– પંચસાહેદ |
| ૬. | આંકઃ | ૩૪ | વિજયભાઈ લાલજીભાઈ કોચરા– પંચસાહેદ |
| ૭. | આંકઃ | ૩૬ | જયદીપભાઈ પ્રકાશભાઈ બડગુજર– પંચસાહેદ |
| ૮. | આંકઃ | ૩૭ | પુર્વેશભાઈ કમલેશભાઈ બારડ– પંચસાહેદ |
| ૯. | આંકઃ | ૩૮ | મયુર સુરેશભાઈ ટીંબડીયા– ફરિયાદી |
| ૧૦. | આંકઃ | ૪૧ | ધારાબેન સુરેશભાઈ ટીંબડીયા– સાહેદ |
| ૧૧. | આંકઃ | ૪૨ | જયોતિ સુરેશભાઈ ટીંબડીયા– સાહેદ |
| ૧૨. | આંકઃ | ૪૩ | કિંજલબેન સુરેશભાઈ ટીંબડીયા– સાહેદ |
| ૧૩. | આંકઃ | ૪૪ | વલ્લભભાઈ બચુભાઈ ટીંબડીયા– સાહેદ |
| ૧૪. | આંકઃ | ૪૫ | ડો.જયમીતકુમાર મનસુખભાઈ રામાણી– મેડીકલ ઓફિસર |
| ૧૫. | આંકઃ | ૪૯ | રાજેશકુમાર રાયસિંહભાઈ સોલંકી– તપાસ કરનાર અધિકારી |
| ૧૬. | આંકઃ | ૫૬ | પરસોતમભાઈ મથુરભાઈ રાઠવા– તપાસ કરનાર અધિકારી |

**<u>પ્રોસીકયુશન તરફે દસ્તાવેજી પુરાવાઃ–</u>**

| ક્રમ | આંક | | દસ્તાવેજી પુરાવાની વિગત |
|---|---|---|---|
| ૧. | આંકઃ | ૨૬ | ઈન્કવેસ્ટ પંચનામુ |
| ૨. | આંકઃ | ૨૭ | સ્થાનિક જગ્યાનુ પંચનામુ |
| ૩. | આંકઃ | ૩૦ | મૃતકનો મોબાઈલ ફોન તથા સુસાઈડ નોટ કબજે કર્યાનુ પંચનામુ |
| ૪. | આંકઃ | ૩૨ | અટક પંચનામુ |
| ૫. | આંકઃ | ૩૫ | મરણજનારનુ કુદરતી લખાણ કબજે કર્યાનુ પંચનામુ |
| ૬. | આંકઃ | ૩૭એ. | મૃતકનો મોબાઈલ ફોન એફ.એસ.એલ.માં મોકલ્યાનુ પંચનામુ |
| ૭. | આંકઃ | ૩૮એ. | ફરિયાદ |
| ૮. | આંકઃ | ૪૬ | પોસ્ટમોર્ટમ નોટ |
| ૯. | આંકઃ | ૪૭ | મરણોત્તર ફોર્મ |
| ૧૦. | આંકઃ | ૪૮ | પોસ્ટમોર્ટમ કરવાની યાદી |
| ૧૧. | આંકઃ | ૫૦ | ગુનો દાખલ કરવાની યાદી |
| ૧૨. | આંકઃ | ૫૧ | મરણોત્તર ફોર્મ |
| ૧૩. | આંકઃ | ૫૨ | મૃતકનો મોબાઈલ ફોન તથા સુસાઈડ નોટ કબજે કર્યાનુ પંચનામુ |
| ૧૪. | આંકઃ | ૫૩ | અસલ સુસાઈડ નોટ |
| ૧૫. | આંકઃ | ૫૭ થી | ૫૯ સુધી મુદામાલ રવાનગી |
| ૧૬. | આંકઃ | ૬૦ થી | ૬૩ સુધી મુદામાલની પહોંચ |
| ૧૭. | આંકઃ | ૬૪ થી | ૬૯ સુધી મુદામાલ પૃથ્થકરણ અહેવાલ |

(૫) આ કામે વિ.પી.પી.શ્રીએ આંક ૬૭ થી કલોઝીંગ પુરસીસ રજૂ કર્યા બાદ આરોપીનું ક્રિમી.પ્રોસી. કોડની કલમ ૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં ફરિયાદ પક્ષના પુરાવાને નકારી કાઢેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે, તેઓ વિરૂધ્ધ પુરતો પુરાવો ન હોવા છતાં ખોટુ ચાર્જશીટ કરેલ છે.

(૬) આ કેસમાં વિદ્વાન સરકારી વકીલશ્રીએ રજૂઆત કરતા જણાવેલ છે કે, આરોપીઓએ બળજબરીથી રોકડા રૂપિયા કઢાવવા માટે તેમજ જમીનનુ સાટાખત કરાવી લેવા માટે ગુજરનારને અવિરત શારિરીક અને માનસિક ત્રાસ આપી ગુજરનારને આપઘાત કરવા માટેનું દુષ્પ્રેરણ કરેલ છે. જેના કારણે મરણ જનારે મજબુર થઈને ગળે ફાંસો ખાઈને આત્મહત્યા કરેલ છે. ગુજરનારે આત્મહત્યા કરતા પહેલા આરોપીઓનો શું માનસિક ત્રાસ હતો અને આરોપીઓએ તેને આત્મહત્યા કરવા માટે શું ગુનાહિત દુષ્પ્રેરણ કરેલ તેની સંપુર્ણ વિગત આંક ૫૩ વાળી સુસાઈડ નોટમાં જણાવેલ છે. વધુમાં સુસાઈડ નોટના લખાણમાં કુદરતી હસ્તાક્ષરો ગુજરનારના હોવાનુ એફ.એસ.એલ.ના રીપોર્ટથી સમર્થન પ્રાપ્ત થયેલ છે. વધુમાં ફરિયાદ પક્ષ દ્વારા ડોકટરશ્રીની જુબાનીથી ગુજરનારનુ મૃત્યુ આત્મહત્યાને કારણે થયેલ હોવાનું સાબિત કરેલ છે. આ ગુજરનારનુ મૃત્યુ ગળે ફાંસો ખાઈ લેવાથી આત્મહત્યાના કારણે થયા બાબતે કોઈ જ તકરાર લેવામાં આવેલ નથી. આ ઉપરાંત આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ કરનાર તપાસ કરનાર અધિકારીશ્રીએ પુરતા પુરાવા મળી આવતા ચાર્જશીટ દાખલ કરેલ છે. આમ ફરિયાદ પક્ષ આરોપીઓએ ગુજરનારને આત્મહત્યા કરવા માટે મજબુર થાય તેવા આશયથી એટલો માનસિક ત્રાસ આપેલો કે જેના દુષ્પ્રેરણના કારણે ગુજરનારે આત્મહત્યા કરેલ હોવાનુ નિઃશંકપણે સાબિત કરી શકેલ હોઈ આરોપીઓને તકસીરવાન ઠરાવી મહત્તમ સજા કરવા રજૂઆત કરેલ છે.

(૭) જયારે આરોપી પક્ષ તરફે વિદ્વાન વકીલશ્રીએ રજૂઆત કરતા જણાવેલ છે કે, ફરિયાદીએ ખોટી ફરિયાદ આપીને આરોપીઓને ફસાવી દીધેલ છે. આરોપીઓએ મૃતકને કોઈ શારિરીક માનસિક ત્રાસ આપેલ નથી કે બળજબરીથી કોઈ રૂપિયાની માગણી કરેલ નથી. ગુજરનારના પત્ની, પુત્ર અને પુત્રીની જુબાનીથી કેસને સમર્થન મળેલ નથી. આ સાહેદો ફરી ગયેલા જાહેર થયા છે અને તેઓની જુબાનીથી ખરેખર ગુજરનારને કોઈ ત્રાસ હતો જ નહિ કે તેને મૃત્યુ નિપજાવવા તરફ દોરી જાય. જેથી ગુજરનારે આરોપીઓના ત્રાસથી નહિ પરંતુ કોઈ અન્ય કારણે ગળેફાંસો ખાઈ લીધેલ

હોવાનુ માની શકાય તેમ છે. વધુમાં જણાવે છે કે જે સુસાઈડ નોટની હકીકત રેકર્ડ ઉપર આવેલ છે તેવી સુસાઈડ નોટ એક મહિના પછી આંક ૩૫ ના પંચનામાની વિગતે કબજે સીલબંધ કરવામાં આવેલ છે. આમ સુસાઈડ નોટ સ્થાનિક જગ્યાથી બનાવના દિવસે કબજે થઈ હતી તો એક મહિના સુધી કોના કબજામાં હતી. વધુમાં આંક ૩૦ વાળુ પંચનામુ તા.૬–૧–૨૦૨૪ ના રોજ કરેલ છે તેમાં પણ સુસાઈડ નોટ કબજે કર્યાની હકીકત જણાવેલ છે. આમ બે અલગ અલગ પંચનામાથી કબજે કરેલ સુસાઈડ નોટ પાછળથી ઉભી કરેલ હોવાની શંકા ઉપસ્થિત થાય છે. વધુમાં ફરિયાદીએ પોલીસને કોઈ સુસાઈડ નોટના કાગળો કે કુદરતી હસ્તાક્ષરના દસ્તાવેજો રજૂ કરેલ હોય કે પંચનામાની વિગતે કબજે લીધેલ હોવાનો ઈન્કાર કરેલ છે. ફરિયાદ પક્ષે આરોપી વિરૂધ્ધનો ગુનો નિઃશંકપણે સાબિત કરવો જોઈએ. જો તેમાં સહેજ પણ શંકા જણાય તો તેનો લાભ આરોપીઓને મળવો જોઈએ. ફરિયાદ પક્ષના મહત્વના સાહેદો એવા ગુજરનારના પત્ની અને સંતાનોની જુબાની વંચાણે લેવામાં આવે તો તેમાં જે આક્ષેપ કરેલ છે તે કારણથી ગુજરનારને આત્મહત્યા કરવી પડે તે માની શકાય તેમ નથી. આમ, સમગ્રપણે જોતાં ફરિયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધનો ગુનો નિઃશંકપણે પુરવાર કરી શકેલ ન હોય આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા અરજ ગુજારેલ છે.

(૮) આ કામે ફરિયાદપક્ષ તરફે વિદ્ધાન એડી.પી.પી.શ્રી એમ.એસ.જોષી તથા આરોપી પક્ષ તરફે વિ.વ.શ્રી કે.એન.શાહની રજૂઆતો સાંભળી. બંને પક્ષોની રજૂઆતો તેમજ રજૂ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓને લક્ષમાં લેતા સદરંહુ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**મુદ્દા**

૧. શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, સુરેશભાઈ માવજીભાઈ ટીંબડીયા, ઉંમર ૫૪ વર્ષનું મૃત્યુ કુદરતના સામાન્ય ક્રમ વિરૂદ્ધ એટલે કે અકુદરતી રીતે થયેલ હતુ ?

૨. શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આરોપી નં.૧ ની દીકરી પુજાની સગાઈ તુટી ગયેલ હોય અને ફરિયાદીએ આરોપીના જમાઈને ફોન દ્વારા ફોટા મોકલાવેલ તેની આરોપીઓને ખબર પડતા આરોપીઓની સમાજમા બદનામી થતા સમાધાન માટે ફરીયાદી તથા મરણજનાર સુરેશભાઈને બોલાવી ફરિયાદીને ગાળો આપી મુંઢમાર મારેલ તેમજ મરણજનાર પાસેથી બળજબરીથી રૂા.૧૦,૦૦,૦૦૦/– રોકડા પડાવી લીધેલ તેમજ વધુ રૂા.૨૫,૦૦,૦૦૦/–ની માંગણી

કરેલી. પરંતુ રૂપિયાની સગવડ નહિ થતા આરોપીઓએ મરણજનાર પાસે જમીનનુ સાટાખત કરાવી લેવાની ફોનમાં પણ ધાકધમકી આપતા હોય, સુરેશભાઈએ સુસાઇટ નોટમાં બંને આરોપીઓ પોતાને મરવા મજબુર કરેલ હોવાનુ લખાણ લખી, તા.૫–૧–૨૦૨૪ ના રોજ સાંજના સમયે પોતાના કારખાનાની છતમાં હુકમાં દોરડુ બાંધી ગળે ફાંસો ખાઈને આપઘાત કરેલ. આમ કરીને આરોપીઓએ બળજબરીથી રોકડ રકમ તેમજ જમીનનુ સાટાખત કરાવી લેવાના દુષ્પ્રેરણના કારણે સુરેશભાઈને આપઘાત કરવા પડે તેવા સંજોગોનુ નિર્માણ કરી ગુનામાં એકબીજાની મદદગારી કરી, આઈ.પી.સી.કલમ–૩૦૬, ૩૨૩, ૩૮૬, ૩૮૭, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબનો ગુનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

૩. શું હુકમ ?

(૯) ઉપરોક્ત મુદ્દાઓના નિર્ણયો તેના કારણો સહિત નીચે મુજબ છે.

મુદ્દા નં.૧– હકારમાં.

મુદ્દા નં.૨– નકારમાં.

મુદ્દા નં.૩– આખરી હુકમ મુજબ.

## <u>કા ર ણો</u>

**<u>મુદ્દા નં.૧:–</u>**

(૧૦) આ કામમાં ફરિયાદ પક્ષના આક્ષેપ પ્રમાણે આરોપીઓએ ગુજરનારને આત્મહત્યા કરવા માટેનું દુષ્પ્રેરણ આપતા તેમણે આત્મહત્યા કરેલ છે. આથી સૌપ્રથમ એ હકીકત નકકી કરવી જરૂરી છે કે, ગુજરનારનુ મૃત્યુ અકુદરતી એટલે તે તેણે આત્મહત્યા કરવાના કારણે થયેલુ છે કે કેમ? તે અનુસંધાને આ કામે રજૂ થયેલ પુરાવો ધ્યાને લેતા તેમજ બચાવપક્ષ દ્વારા પુરાવાના કોઈ પણ તબક્કે ગુજરનારનું મૃત્યુ અકુદરતી રીતે એટલે કે ગળે ફાંસો ખાઈ લેવાથી થયેલ નથી તેવું કોઈ કથન કરવામાં આવેલ નથી. વધુમાં ફરિયાદપક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ આંક ૨૬ થી ઈન્કવેસ્ટ પંચનામુ, આંક ૪૬ થી પોસ્ટમોર્ટમ રીપોર્ટ તથા આંક ૪૫ થી ડો.જયમીતકુમાર મનસુખભાઈ રામાણીની જુબાનીથી ગુજરનાર સુરેશભાઈનું મૃત્યુનુ કારણ દોરડાથી ગળે ફાંસો ખાઈ લેવાથી શ્વાસ રૂંધાઈ જવાથી થયેલ હોવાનું પુરવાર થયેલ છે. આમ, ગુજરનાર સુરેશભાઈનુ મૃત્યુ કુદરતી રીતે નહી પરંતુ અકુદરતી રીતે એટલે કે ગળે ફાંસો ખાઈ લેવાથી થયેલ હોવાનું ફરિયાદપક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ પુરાવા પરથી પુરવાર કરવામાં આવેલ છે. જેથી મુદ્દા નં.૧ નો નિર્ણય હકારમાં આપવામાં આવેલ છે.

**<u>મુદ્દા નં.૨ઃ–</u>**

(૧૧) ફોજદારી ન્યાય પ્રણાલીના મૂળભૂત અને પાયાના સિધ્ધાંતો જોઇએ તો દરેક ફોજદારી ટ્રાયલ આરોપી નિર્દોષ છે, તેવા અનુમાન સાથે શરૂ થાય છે. જ્યાં સુધી ફરિયાદ પક્ષ તેવું નિઃશંકપણે પુરવાર કરવામાં સફળ રહે નહી કે આરોપી દોષિત છે. આમ, પુરાવાનો બોજો ફરિયાદ પક્ષ પર છે. ફરિયાદપક્ષે રજૂ કરેલ પુરાવાનુ મૂલ્યાંકન કરીએ તે પહેલા જે કલમના ભંગ બદલનો આરોપી સામે આક્ષેપ છે, તે કલમો પૈકી આઈ.પી.સી. કલમ ૩૦૬ હેઠળનો ગુનો પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા પુરવાર કરવુ જોઇએ કે, ગુજરનાર દ્વારા આત્મહત્યા કરવામાં આવેલ, ગુજરનારને તેવી આત્મહત્યા કરવામાં આરોપીએ દુષ્પ્રેરણા–મદદગારી કરેલ તથા તેવી મદદગારીના અનુસંધાને મૃતક દ્વારા આત્મહત્યા કરવામાં આવેલ હતી.

(૧૨) અગાઉ નોંધ્યું તેમ એ બાબત નિર્વિવાદ છે કે, ગુજરનાર દ્વારા ગળે ફાંસો ખાઈને આત્મહત્યા કરવામાં આવેલી. હવે એ નિર્ણિત કરવાનું રહે કે શું તેવી આત્મહત્યા કરવા આરોપીઓ દ્વારા કોઇ દુષ્પ્રેરણ કરવામાં આવેલ કે મદદ કરવામાં આવેલ તથા તેવા દુષ્પ્રેરણને લીધે ગુજરનાર દ્વારા આત્મહત્યા કરવામાં આવેલી. તે સંબંધે ફરિયાદપક્ષે રજૂ કરેલ પુરાવાની ચર્ચા કરીએ તો, આંક ૩૮ થી ગુજરનારના પુત્ર ફરિયાદી મયુરભાઈ સુરેશભાઈ ટીંબડીયાને તપાસી તેમની જુબાનીમાં આંક–૩૮(એ) થી અસલ ફરિયાદ રજૂ કરેલ છે. ફરિયાદીએ સોગંદ ઉપરની જુબાનીમાં મુખ્યત્વે જણાવેલ છે કે, તેઓના ગુજરનાર પિતા "જય ખોડીયાર એન્ટરપ્રાઈઝ" નામનું કારખાનું રામનગર વિસ્તારમાં ચલાવતા હતા. બંને આરોપીઓ પાડોશીઓ હોય જેથી ફરિયાદી ઓળખે છે. ફરિયાદીના પિતાશ્રીને કોઈએ દબાણ આપેલું હોય અને પૈસા પડાવેલ હોય કે તેમની પાસેથી ધાકધમકી આપીને વધુ પૈસાની માંગણી કરેલ હોય તેવા સંજોગોના કારણે આપઘાત કરી લીધેલ હોય તેવું બનેલ નથી. આરોપીઓને કારણે ફરિયાદીના પિતાએ સુસાઈડ કરેલ હોય તેવું બનેલ નથી કે પોતે આરોપીઓને કારણે આપઘાત કરેલ હોય તે બાબતે કોઈ લખાણ કરેલ હોય તેવું પણ બનેલ નથી. ફરિયાદીએ તેના પિતાને ફોન કરતા તેઓ ઘરે આવેલા નહી તેથી ફરિયાદી કારખાને ગયેલ ત્યારે પિતાને તેમણએ લટકતા જોયેલા. આ બનાવને કારણે પોલીસ આવેલી અને પોલીસે કાર્યવાહી કરેલી. ફરિયાદીએ પોલીસને કોઈ કાગળો રજૂ કરેલ હોય અને પોલીસે તે પંચનામાની વિગતે કબ્જે લીધેલ હોય તેવું પણ બનેલ નથી તેમજ કાગળની વિગતો ફરીયાદમાં લખાવેલ હોય તેવું પણ બનેલ નથી. ફરિયાદીને આંક ૫૩ વાળી સુસાઈડ નોટ લખેલ કાગળો બતાવવામાં આવતા તેમાંના

અક્ષરો કોના છે તે ફરિયાદીને ખ્યાલ નથી. આમ, ખુદ ફરિયાદીએ ફરિયાદ પક્ષના કેસને લેશમાત્ર સમર્થન આપેલ નથી અને ફરી ગયેલા જાહેર થયા છે. તેઓની ઉલટ તપાસ વિદ્વાન એડી.પી.પી.શ્રીએ કરેલ છે તેમછતાં ફરિયાદ પક્ષના કેસને મદદરૂપ થાય તેવી સમર્થનકારી અને ફળદાયી હકીકત બહાર કઢાવી શકેલ નથી.

(૧૨.૧) બચાવ પક્ષની ઉલટ તપાસમાં ફરિયાદીએ કબુલ રાખેલ છે કે, બનાવના દિવસે પોલીસે તેમની પુછપરછ કરેલ તે દિવસે આ બનાવ બાબતે કોઈ ફરીયાદ આપેલ નથી. તેમના પિતા અતિ લાગણીશીલ સ્વભાવના હતા તેઓને વ્યવસાયનું કાયમ માટે ટેન્શન રહેતું હતું. બનાવના અરસામાં તેઓની ખેતીની જમીનનો કબ્જો અન્ય લોકોએ લઈ લીધેલ તે બાબતે તકરાર ચાલતી હતી તેમજ ગુજરનારને ધંધામાં પણ ખૂબ જ મોટુ નુકશાન આવેલું અને તેના કારણે ગુજરનાર ખૂબ જ તણાવમાં રહેતા હતા. પોલીસે ટાઈપ કરેલ કાગળોમાં ફરિયાદીની સહી લીધેલ હતી. તે કાગળની હકીકત ફરિયાદીએ લખાવેલ નહોતી. ફરિયાદીની હાજરીમાં પોલીસે કોઈ દસ્તાવેજો કબ્જે કરેલ હોય કે પંચનામાઓ કરેલ હોય તેવું બનેલ નથી. ફરિયાદીએ પોલીસને સુસાઈડ નોટ કે અન્ય કોઈ કુદરતી હસ્તાક્ષરના દસ્તાવેજો રજૂ કરેલ હોય અને પોલીસે તેમની હાજરીમાં પંચનામાથી કબ્જે કરેલ હોય તેવું પણ બનેલ નથી. ગુજરનારે કોઈ જાતની તકલીફ હોય તેવી વાત ફરિયાદી કે પરિવારમાં કોઈને કરેલ નથી. ફરિયાદીએ અંતમાં કોઈપણ જાતના ભય કે દબાણ વગર હાલની જુબાની આપતા હોવાનુ કબુલ રાખેલ છે. આ કામે ફરિયાદ હકીકત જોતા, ફરિયાદીએ બનાવ નજરે જોયેલ નથી તેમજ ફરિયાદી કારખાને ગયેલ ત્યારે પિતાને ગળે ફાંસો ખાધેલ હાલતમાં જોયેલ હતા. ફરિયાદીએ ફરિયાદ પક્ષના કેસને સંપૂર્ણ રીતે નકારતી જુબાની આપેલ છે તથા તેમની જુબાની ઉપરથી કેસને લેશમાત્ર સમર્થન મળતુ નથી. આમ, ફરિયાદીની સમગ્ર જુબાની વંચાણે લેતા, આરોપીઓએ ફરિયાદીને કોઈ મુંઢમાર મારેલ હોય, ગાળો આપેલ હોય કે ફરીયાદીના પિતાજી પાસે બળજબરીથી પૈસા પડાવીને વધુ રૂપિયાની માગણી કરી તેમજ ધાકધમકી આપી જમીનનુ સાટાખત કરી આપવા દબાણ કરતા મરણજનારને દુઃખત્રાસ આપી મરી જવુ પડે તેવા સંજોગો ઉભા કરેલ હોવાની હકીકતને લેશમાત્ર સમર્થન મળતુ નથી.

(૧૩) આ ઉપરાંત ગુજરનારના પત્ની ધારાબેન સુરેશભાઈ ટીંબડીયાને આંક ૪૧ થી, ગુજરનારના પુત્રી જયોતીબેન સુરેશભાઇ ટીંબડીયાને આંક ૪૨ થી તથા પુત્રી કિંજલબેન સુરેશભાઇ ટીંબડીયાને આંક ૪૩ થી તપાસેલ છે. આ ત્રણેય સાહેદો ફરી

ગયેલા જાહેર થયા છે. તેઓની ઉલટ તપાસ વિદ્વાન એડી.પી.પી.શ્રીએ કરેલ છે તેમછતાં ફરિયાદ પક્ષના કેસને સમર્થનકારી અને ફળદાયી હકીકત બહાર આવેલ નથી. તેઓની સરતપાસનો સારાંશ જોઈએ તો, તેઓએ પોલીસને કોઈ નિવેદન આપેલ નથી, આરોપીઓને કારણે તેઓના પરિવારમાં કોઈ અજુગતો બનાવ બનેલ હોય તેવું બનેલ નથી. ગુજરનારે આપઘાત કરેલ હોય તેના માટે કોણ જવાબદાર છે તે અંગે તેઓને કોઈ જાણકારી નથી. પોલીસે તેઓનુ નામ સરનામું પુછેલું આ સિવાય તેઓએ કશુ જણાવેલ નથી. ગુજરનારના અક્ષરો વિશે તેઓને ખ્યાલ નથી તેમણે કોઈ લખાણ કરેલ હોય અને તે પોલીસને આપવામાં આવેલ હોય તે અંગે તેઓને કોઈ જાણકારી નથી. કોર્ટની ફાઈલમાંથી સીલબંધ કવરમાંથી વન્ડર્સ કલેકશન લખેલ કુલસ્કેપ ચોપડામાં શરૂઆતના પાનાઓમાં લાલ અક્ષરે મથાળે માર્ક ડી–૧ થી લઈને માર્ક ડી–૭ સુધી બ્લુ પેનથી લખાયેલ અક્ષરો બતાવવામાં આવતા જે અક્ષર કોના છે તે સાહેદો કહી શકતા નથી. આ ચોપડાની અંદરથી નીકળેલ નાનકડી ડાયરીમાંના અક્ષરો તથા ત્રણ કાગળોમાંના અક્ષરો કોના છે તેનો પણ તેઓને ખ્યાલ નથી. આરોપીઓ તેઓના પડોશીઓ થાય છે તેથી ઓળખે છે પરંતુ આરોપીઓના કારણે ગુજરનારે આપઘાત કરેલ હોય અને તે બાબતે તેઓના પરિવારે ફરીયાદ કરેલ હોય તેવું બનેલ નથી.

(૧૪) ત્યારબાદ બચાવ પક્ષની ઉલટ તપાસમાં આ ત્રણેય સાહેદોએ મુખ્યત્વે કબુલ રાખેલ છે કે, બનાવના દિવસે પોલીસે તેઓની પુછપરછ કરેલ તે દિવસે આ બનાવ બાબતે કોઈ ફરીયાદ આપેલ નથી. ગુજરનાર અતિ લાગણીશીલ સ્વભાવના હતા તેઓને વ્યવસાયનું કાયમ માટે ટેન્શન રહેતું હતું. બનાવના અરસામાં તેઓની ખેતીની જમીનનો કબ્જો અન્ય લોકોએ લઈ લીધેલ તે બાબતે તકરાર ચાલતી હતી. તેમજ ગુજરનારને ધંધામાં પણ ખૂબ જ મોટુ નુકશાન આવેલું અને તેના કારણે ગુજરનાર ખૂબ જ તણાવમાં રહેતા હતા. ગુજરનારે ક્યારેય તેઓને કોઈ જાતની તકલીફ હોય તેવી વાત કરેલ નથી.

(૧૪.૧) વધુમાં, આંક ૪થી તપાસેલ સાહેદ વલ્લભભાઈ બચુભાઈ ટીંબડીયાની સોગંદ ઉપરની જુબાની વંચાણે લેતા, ફરિયાદી મયુરભાઈ તેમના ભત્રીજા થાય છે. મયુરભાઈએ તા.૫–૧–૨૦૨૪ ના સાંજના સાતેક વાગ્યે બનાવ અંગે ફોનથી સાહેદને જાણ કરતા સાહેદ ગુજરનારના કારખાને ગયેલ ત્યારે માણસો ભેગા થઈ ગયેલ હતા. ફરિયાદીએ સાહેદને અગાઉની કોઈ ઘટના બાબતે વિગતવારની વાત કરેલ હોય તેવું બનેલ નથી. આરોપીઓના કારણે સુરેશભાઈને આપઘાત કરવો પડેલ તેવા સંજોગો ઉભા

થયે હોય તેવું બનેલ નથી. સાહેદ ગુજરનારના અક્ષરો ઓળખતા નથી. આ સાહેદ ફરિયાદ પક્ષના કેસને લેશમાત્ર સમર્થન આપેલ નથી અને ફરી ગયેલા જાહેર થયા છે. તેઓની ઉલટ તપાસ વિદ્વાન એડી.પી.પી.શ્રીએ કરેલ છે તેમછતાં ફરિયાદ પક્ષના કેસને સમર્થનકારી અને ફળદાયી હકીકત બહાર આવેલ નથી. બચાવ પક્ષની ઉલટતપાસમાં સાહેદે સ્વીકારેલ છે કે, ગુજરનાર લાગણીશીલ સ્વભાવના હતા તેમજ ગુજરનારની ખેતીની જમીનનો કબજો અન્ય લોકોએ લઈ લીધેલ હોય તે બાબતે તકરાર ચાલતી હતી અને ગુજરનારને ધંધામાં પણ ખુબ મોટુ નુકશાન આવેલ તેથી ગુજરનાર તણાવમાં રહેતા હોવાનુ સ્વીકારેલ છે. વધુમાં આ સાહેદે ગુજરનારને કોઈ તકલીફ હોવાની વાત કયારેય જણાવેલ નથી. આમ આ સાહેદની જુબાનીથી ફરિયાદપક્ષને સમર્થન મળતુ નથી.

(૧૫) આમ, ઉપરોકત તમામ સાહેદોની જુબાની ઉપરથી આરોપીઓએ ગુજરનારને ધાકધમકી આપી બળજબરીથી દસ લાખ રૂપિયા પડાવી લીધેલ હોય કે બીજા પચ્ચીસ લાખ રૂપિયાની માગણી મુજબની સગવડતા નહિ થતા ગુજરનાર પાસે જમીનનુ સાટાખત કરાવી લેવાની ધમકી આપતા ગુજરનારે સુસાઈડ નોટ લખીને કારખાને ગળે ફાંસો કાઈ લીધેલ હોવાની હકીકતને લેશમાત્ર સમર્થન મળતુ નથી. વધુમાં રજૂ થયેલ સાહેદોની જુબાની પરથી આક્ષેપિત તહોમત મુજબ આવા ઝગડા કે પૈસાની માગણીના કારણે આરોપીઓએ ગુજરનારને આત્મહત્યા કરવા માટે મજબુર કરેલ હોય તેવું માની શકાય નહી. જો દલીલ ખાતર માની લેવામાં આવે કે આવા ઝગડાના કારણે ગુજરનારે આત્મહત્યા કરેલ હોય તો બની શકે કે કોઈ વ્યકતી વધારે લાગણીશીલ હોય તો તેના કારણે પણ આવા ઝગડાને કારણે આત્મહત્યા કરેલ હોય. પરંતુ ઈ.પી.કો.ક.૧૦૭ માં જે ગુનાહીત દુષ્પ્રેરણની વ્યાખ્યા આપેલ છે તેના તત્વો પ્રમાણે આવા ફરિયાદમાં જણાવેલ ઝગડાના કારણે જો કોઈ વ્યકતીએ આત્મહત્યા કરેલ હોય તો તેને ગુનાહીત દુષ્પ્રેરણ કહી શકાય નહી. ખરેખર ગુજરનારને આરોપીઓનો એટલો બધો ત્રાસ હોય કે જેને કારણે ગુજરનારને આત્મહત્યા કરવા સિવાય બીજો કોઈ રસ્તો કે વિકલ્પ ન રહે તો ચોકકસપણે તેણે આ હકીકત તેના પત્ની, પુત્ર કે પુત્રીને પણ જણાવેલ હોય. ઘડીભર માનવામાં આવે કે ન પણ જણાવેલ હોય તો આવા અસહ્ય ત્રાસના કારણે ગુજરનારના ચહેરા ઉપરથી પણ આવી હકીકત પરિવારના સભ્યો જાણી શકે છે કે તે કાંઈ ચિંતામાં છે તેવા સંજોગોમાં પરિવારના સભ્યોએ સામેથી જ તેને કોઈ ચિંતા છે કે કેમ તે અંગે પુછપરછ કરેલ હોય. પરંતુ આવી કોઈજ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી. ઊલટાનુ ગુજનારના પરિવારજનોની ઉલટ તપાસમાંથી ગુજરનાર અતિ લાગણીશીલ સ્વભાવના હતા તેમજ ગુજરનારને

ધંધામાં પણ ખૂબ જ મોટુ નુકશાન આવેલું અને તેના કારણે ગુજરનાર ખૂબ જ તણાવમાં રહેતા હતા તેમજ બનાવના અરસામાં તેઓની ખેતીની જમીનનો કબ્જો અન્ય લોકોએ લઈ લીધેલ તે બાબતે પણ તકરાર ચાલતી હોવાનુ હકીકત સ્વીકારેલ છે. આ તમામ સંજોગોમાં મૃતકના પરિવારજનોની જુબાનીથી ફકત એટલી હકીકત સાબિત થાય છે કે, ગુજરનારે ગળે ફાંસો ખાઈને આત્મહત્યા કરી છે પરંતુ રેકર્ડ ઉપરના પુરાવાથી ગુજરનારને આરોપીઓનો એટલો બધો શારિરીક અને માનસિક ત્રાસ હતો અને તે ત્રાસ દ્વારા આપઘાત કરવા માટે મજબુર થવુ પડે તેવો કોઈ મૌખિક પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. આ સંજોગોમાં માત્ર આંક ૫૩ વાળી સુસાઈડ નોટની વિગત તેમજ એફ.એસ.એલ.ના રીપોર્ટ ઉપર આધાર રાખીને આરોપીઓ વિરૂધ્ધનો કોઈ અનુમાન કરી શકાય નહિ. વધુમાં ફરિયાદ પક્ષના કેસમાં મૃતકના મોબાઈલ ફોન તથા સુસાઈડ નોટ કબજે કર્યાના પંચસાહેદો ફરી ગયેલા જાહેર થયા છે તેમજ મૃતકના કુદરતી લખાણ કબજે કર્યાના પંચનામાના પંચો પણ ફરી ગયેલા જાહેર થયા છે. વૈજ્ઞાનિક પૃથ્થકરણનો પુરાવો એ સહાયક પુરાવો છે પરંતુ મુખ્યત્વે સમર્થનકારી મૌખિક પુરાવાના અભાવમાં માત્ર સહાયક પુરાવા ઉપર આધાર રાખીને આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહિ.

(૧૬) ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલ પુરાવો ધ્યાને લેવામાં આવે તો, આંક ૨૫ થી પંચસાહેદ રોહીત કનુભાઈ સોલંકીને તપાસવામાં આવેલ છે. તેઓએ જુબાનીમાં આંક–૨૬ થી ઈન્કવેસ્ટ પંચનામુ તથા આંક ૨૭ થી સ્થાનિક જગ્યાના પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. તે સિવાયની પંચનામાની હકીકતને લેશમાત્ર હકીકતને સમર્થન નહીં આપતા વિ.એડી.પી.પી. શ્રીની મૌખિક વિનંતીથી ફરી ગયેલા સાહેદ જાહેર કરી, તેઓની ઉલટ તપાસ કરવા છતાં તેમણે પંચનામાને સમર્થન આપેલ નથી. બચાવ પક્ષની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, પોલીસે તેઓની લખાણ કરેલા કાગળોમાં સહીઓ કરાવેલ. તેઓની હાજરીમાં કોઈ મુદામાલ કે ડાયરી શીલ કરીને પેક કરેલ હોય તેવું બનેલ નથી. પોલીસે બંને પંચનામાઓમાં તેઓની સહી એક જ દિવસે કરાવેલી. ગુજરનાર તથા તેના પરિવારજનો સાથે સામ સામે ધંધો કરતા હોવાથી ઓળખે છે. તેઓએ પોલીસના કહેવાથી સહી કરેલી. આમ સદર પંચસાહેદની જુબાનીથી ફરિયાદ પક્ષને સમર્થન મળતુ નથી. ત્યારબાદ આંક ૨૯ થી પંચસાહેદ સાગરભાઈ દીલીપભાઈ સરવૈયા તથા આંક ૩૧ થી પંચસાહેદ રવિભાઈ રશ્મીનભાઈ રાણપરીયાને તપાસેલ છે. તેઓએ આંક ૩૦ થી રજૂ થયેલ પંચનામામાં માત્ર સહી ઓળખી બતાવેલ છે. પરંતુ તેઓની હાજરીમાં મૃતકનો મોબાઈલ ફોન તથા સુસાઈડ નોટ કબજે કરેલ હોવાની

હકીકતને સમર્થન આપેલ નથી. વિ.એડી.પી.પી. શ્રીની મૌખિક વિનંતીથી ફરી ગયેલા સાહેદ જાહેર કરી, તેઓની ઉલટ તપાસ કરવા છતાં તેમણે પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી. ત્યારબાદ આંક ૩૧એ. થી પંચસાહેદ યતિન મનસુખભાઈ ઝાલાવડીયા તથા આંક ૩૩ થી પંચસાહેદ હાર્દિકભાઈ દિનેશભાઈ ઝાલાવડીયાએ સોગંદ ઉપરની જુબાની દરમ્યાન આંક ૩૨ થી રજૂ અટક પંચનામામાં માત્ર તેમની સહી ઓળખી બતાવેલ છે. પરંતુ પંચનામાની કોઈ જ હકીકતને સમર્થન આપેલ નથી અને ફરી ગયેલા જાહેર થયા છે. ત્યારબાદ આંક ૩૪ થી પંચસાહેદ વિજયભાઈ લાલજીભાઈ કોચરા તથા આંક ૩૬ થી પંચસાહેદ જયદીપભાઈ પ્રકાશભાઈ બડગુજરે આંક ૩૫ થી મૃતકના હસ્તાક્ષરોવાળુ લખાણ કબજે કર્યાના પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. તે જ રીતે આંક ૩૭ થી પંચસાહેદ પુર્વેશભાઈ કમલેશભાઈ બારડે આંક ૩૭એ. થી રજૂ મૃતકનો મોબાઈલ ફોન પૃથ્થકરણ અર્થે મોકલવાના પંચનામામાં માત્ર સહી ઓળખી બતાવેલ છે. જેથી વિદ્વાન એડી.પી.પી. શ્રીની મૌખિક વિનંતીથી ફરી ગયેલા સાહેદ જાહેર કરી, તેઓની ઉલટ તપાસ કરવા છતાં તેમણે પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી. તેઓએ બચાવ પક્ષની ઉલટ તપાસમાં પોલીસે તૈયાર કાગળમાં સહી કરાવેલ હોવાનુ સ્વીકારેલ છે.

(૧૭) ત્યારબાદ ફરિયાદપક્ષે તપાસ કરનાર અધિકારીશ્રી, રાજેશકુમાર રાયસિંહ સોલંકીને આંક ૪૯ થી તપાસેલ છે. તેઓની સરતપાસ વંચાણે લેતા, તા.૬–૧–૨૦૨૪ ના રોજ તેઓ થોરાળા પોલીસ સ્ટેશનમાં પી.એસ.આઈ. તરીકે ફરજ ઉપર હતા. ત્યારે ફરિયાદી મયુરભાઈએ તેઓ રૂબરૂ ફરિયાદ જાહેર કરતા ગુનો દાખલ થવા મોકલી આપેલ. ત્યારબાદ તેઓએ આગળની તપાસ દરમ્યાન ઈન્કવેસ્ટ પંચનામુ કરેલ, મરણોત્તર ફોર્મ ભરેલ, સુસાઈડ નોટ કબજે કરેલ, આરોપીઓને અટક કરેલ તેમજ લાગતાવળગતા સાહેદોના નિવેદનો નોંધેલ અને તેઓની બદલી થતા અનુગામી અધિકારીને તપાસ સોંપેલ હોવાનુ જણાવેલ છે. ત્યારબાદ આંક ૫૬ થી તપાસ કરનાર અધિકારીશ્રી પરસોતમભાઈ મથુરભાઈ રાઠવાની જુબાની વંચાણે લેતા, તા.૯–૧–૨૦૨૪ ના રોજ તેઓએ આગળની તપાસ સંભાળ્યા બાદ ગુજરનારના કુદરતી લખાણના નમુના કબજે લીધેલ, સુસાઈડ નોટ કબજે લીધેલ, આ લખાણ એફ.એસ.એલ. ગાંધીનગર ખાતે મોકલેલ, મરણજનારનો મોબાઈલ ફોન કબજે લીધેલ, મરણજનારનુ વોઈસ રેકોર્ડીંગ કબજે લીધેલ, તપાસના કામે જરૂરી મુદામાલ કબજે લીધેલ અને રવાનગીથી એફ.એસ.એલ. ખાતે પૃથ્થકરણ અર્થે

મોકલી આપેલ. ત્યારબાદ તેઓની બદલી થતા આગળની તપાસ અનુગામી અધિકારીની સોંપી આપેલ હોવાનુ જણાવેલ છે. આમ તપાસ કરનાર અમલદારે પોતાની ફરજના ભાગરૂપે કરેલ કાર્યવાહી અંગેનો પુરાવો આપેલ છે પરંતુ આ કેસમાં ખુદ ફરિયાદી તથા મહત્વના સાહેદો તથા તમામ પંચસાહેદોએ સોગંદ ઉપરની જુબાનીમાં ફરિયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલ નથી ત્યારે માત્ર તપાસ કરનાર અધિકારીની જુબાની ઉપરથી આરોપીઓ વિરૂધ્ધ કોઈ અનુમાન કરી શકાય તેમ નથી.

(૧૮) આ કેસ અનુસંધાને એ.આઈ.આર. ૨૦૧૫ સુપ્રિમકોર્ટ ૨૬૭૦, ઘુસાભાઈ રાયસંગભાઈ ચોરાસીયા વિ. સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લઈએ તો, ત્રાસ એવા પ્રકારનો હોવો જોઈએ કે મૃત્યુ નિપજાવવા સિવાય કોઈ વિકલ્પ ગુજરનાર પાસે ન હોય તેમજ એ.આઈ.આર. ૨૦૧૫ (એ.ઓ.સી.૬૮૩) શ્રી ચિદાનંદાસ્વામી બેલ્લારી શ્રી ગુરૂબ્રિસ્તાસ્વામી અવધૂત મઠ બીજાપુર વિરૂધ્ધ શાદકશાર્યાના ચુકાદામાં પણ એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે, મૃત્યુ તરફ દોરી જવા જેટલો ત્રાસ સતત અને અવિરતપણે હોવો જોઈએ. વધુમાં એસ.જી. મુનિયા અને બીજાઓ વિરૂદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, ૨૦૦૨(૩) જી.એલ.એચ. ૪૧૭ ના ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેતા, આરોપીઓ દ્વારા થયેલા અત્યાચારના લીધે મરનારે માનસિક હતાશા ભોગવી અને આત્મહત્યા કરી. પરંતુ ખરેખર મદદગારી બાબતે કોઈ આધારભૂત પુરાવો નથી. આરોપીઓના કૃત્યનુ પરિણામ એટલે કે વ્યકતીનુ મૃત્યુ થાય તેવો ઈરાદો રાખ્યો હોય તેવો દૂરથી પણ નિર્દેશ કરતો હોય તેવો લેશમાત્ર પુરાવો નથી. ન્યાયિક પ્રક્રિયાને માનસીક ભારણ અથવા તો બિનજરૂરી ત્રાસનુ સાધન બનાવવી ન જોઈએ. હાલના કેસનુ રેકર્ડ જોવામાં આવે તો ગુજરનારને આત્મહત્યા કરવા મદદગારી કરવા અંગે આરોપીઓની ખરેખર મદદગારી બાબતે કોઈ આધારભૂત પુરાવો પણ નથી અને આરોપીઓના કૃત્યનુ પરિણામ એટલે કે ગુજરનારનુ મૃત્યુ થાય એવો ઈરાદો રાખ્યો હોય તેવો દુરથી પણ નિર્દેશ કરતો હોય તેવો વિશ્વસનીય પુરાવો પણ રેકર્ડ ઉપર આવેલ નથી.

(૧૮.૧) આ કેસમાં ફરિયાદ હકીકત વંચાણે લેતા, બનાવનુ કારણ ધ્યાનમાં લેતા આરોપી રાજુભાઈની દીકરી પુજાની સગાઈ શનિ અજાણી સાથે થયેલ હોય ફરિયાદીએ શનિ અજાણીના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટમાં પુજા સાથેના ફ્રેન્ડના ફોટા

મોકલેલ. તેથી આરોપીઓએ ગુસ્સે થઈને ફરિયાદી તથા ગુજરનારને જેમફાવે તેમ ગાળો આપેલી અને પુજાના સગાઈ તુટી જતા આરોપીઓએ ફરિયાદીના પિતા પાસે સગાઈનો ખર્ચ માગેલ અને ગુજરનાર પાસેથી દસ લાખ રૂપિયા બળજબરીથી પડાવી લીધેલ અને ધાકધમકી આપી બળજબરીથી વધુ પચ્ચીસ લાખ રૂપિયાની માગણી કરતા અને જમીનનુ સાટાખત કરાવી આપવાની વાત કરતા તેમજ મોબાઈલ ફોન ઉપર અવારનવાર ધમકી આપતા હોવાથી ગુજરનારે સુસાઈડ નોટ લખીને ગળે ફાંસો ખાઈ લઈ આપઘાત કરી લીધેલ હોવાનો આક્ષેપ કરવામાં આવેલ છે. આ કેસમાં ફરિયાદી તથા આરોપીઓ પાડોશમાં રહેતા હોવાથી ઓળખે છે. પરંતુ આરોપીઓ અને ગુજરનારને છેલ્લે બનાવના દિવસે સાથે જોયેલ હોવાનો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. ગુજરનાર પાસેથી આરોપીઓએ રોકડ રકમ બળજબરીપુર્વક પડાવેલ હોવા અંગેનો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. સદર બનાવ અગાઉ ગુજરનારે કે પરીવારના કોઇ સભ્યોએ આરોપીઓ વિરૂદ્ધ ધાકધમકી આપી રૂપિયા પડાવેલ હોવા અંગે કોઈ ફરિયાદ કરેલ નથી. તેમજ ગુજરનારે દસ લાખ રૂપિયા આરોપીઓને આપેલ હોવા અંગે કોઈ આધારપુરાવા કે બેંક સ્ટેટમેન્ટ રજૂ કરેલ નથી. તપાસ કરનાર અમલદારે પણ મરણજનાર અને આરોપીઓ વચ્ચે અગાઉ કોઈ આર્થિક વ્યવહાર થયેલ હોય તેવો લેખિત પુરાવો રજૂ રાખેલ નથી. ફરિયાદી કે સાહેદોની રૂબરૂમાં ગુજરનારે કોઈ પૈસાની લેવડદેવડ કરેલ અને પચ્ચીસ લાખ માગતા હોવાનુ જણાવેલ નથી ત્યારે આવી રકમ નહી આપવાના કારણે આરોપીઓની ધાકધમકી અને દબાણના કારણે છેવટના ઉપાય તરીકે ગુજરનારે સુસાઈડ નોટ લખી ને ગળે ફાંસો ખાઈ લીધેલ હોય તેવી હકીકતને સમર્થન મળતુ નથી. વધુમાં બનાવના દિવસે કે તે પુર્વે આરોપીઓ ગુજરનારના સંપર્કમાં હોય કે આરોપીઓએ કોઈ કૃત્ય કરીને ગુજરનારને આત્મહત્યા કરવા માટે દુષ્પ્રેરણા પુરી પાડેલ હોય તેવો કોઈ પુરાવો કે કોલ ડીટેલ, વિડીયો રેકોર્ડીંગ કે સીસીટીવી ફુટેજ રજૂ થયેલ નથી. ફરિયાદી તથા સાહેદોની જુબાની ઉપરથી આરોપીઓને પૈસા નહિ આપે તો ગુજરનારે પોતાને મરવુ પ઼ડશે કે આરોપીઓ બળજબરીથી પૈસાની માગણી કરતા હોય અને કોઈ તકલીફમાં હોવાનુ જણાવેલ હોય તેવો પુરાવો પણ રેકર્ડ ઉપર આવેલ નથી. વધુમાં ફરિયાદી તથા સાહેદોની જુબાની ઉપરથી ગુજરનાર અતિ લાગણીશીલ સ્વભાવના હતા, બનાવના અરસામાં ગુજરનારની ખેતીની જમીનનો કબ્જો અન્ય લોકોએ લઈ લીધેલ તે બાબતે તકરાર ચાલતી હતી. તેમજ ગુજરનારને ધંધામાં ખૂબ જ મોટુ નુકશાન આવેલું તેના કારણે ગુજરનાર ખૂબ જ તણાવમાં રહેતા હોવાનુ જણાવેલ છે. તેમછતાં

ગુજરનારે ક્યારેય તેઓને કોઈ જાતની તકલીફ હોય તેવી વાત કરેલ નથી. જેથી ગુજરનારે છેવટના ઉપાય તરીકે આંક ૫૩ વાળી સુસાઈડ નોટમાં પોતાના મરણની જવાબદારી આરોપીઓની હોવાનુ જણાવેલ છે, તે સંજોગોમાં આ હકીકતને કોઈ સાહેદોના મૌખિક કે લેખિત પુરાવાથી સમર્થન મળેલ નથી. તે સંજોગોમાં ગુજરનાર પાસેથી આરોપીઓએ બળજબરીથી દસ લાખ રૂપિયા પડાવી લીધેલ હોય અને આરોપીઓ વધુ રકમની માગણી કરતા હોવાથી ગુજરનારને આત્મહત્યા કરવાનુ દુષ્પ્રેરણ પુરૂ પાડેલ હોવાનુ નિઃશંકપણે પુરવાર થતુ નથી.

(૧૯) આ કામે ફરિયાદપક્ષ તરફે બનાવના દિવસે તા.૬–૧–૨૦૨૪ ના રોજ ગુજરનારે લખેલ સુસાઈડ નોટ આંક ૩૦ ના પંચનામાની વિગતે કબજે કર્યા અંગેની હકીકત જણાવેલ છે. જયારે આ સુસાઈડ નોટને આંક ૩૫ ના પંચનામાની વિગતે તા.૧–૨–૨૦૨૪ ના રોજ કબજે કરીને સીલ કર્યા અંગેની હકીકત જણાવેલ છે. આ સુસાઈડ નોટ તા.૨૦–૨–૨૦૨૪ ના રોજ એફ.એસ.એલ.ને પૃથ્થકરણ અર્થે મોકલેલ હોવાનુ રેકર્ડ ઉપરથી જણાય આવે છે. તે સંજોગોમાં તા.૬–૧–૨૦૨૪ના રોજ રજૂ કરેલ સુસાઈડ નોટ જેને તા.૧–૨–૨૦૨૪ ના રોજ પંચનામાની વિગતે સીલ કરવામાં આવેલ છે. ત્યારબાદ તા.૨૦–૨–૨૦૨૪ ના રોજ એફ.એસ.એલ.માં મોકલવામાં આવેલ છે. તે સંજોગોમાં તા.૬–૧–૨૦૨૪ થી તા. ૧–૨–૨૦૨૪ સુધી આ સુસાઈડ નોટ કોના કબજામાં રહેલ હતી તે અંગે કોઈ હકીકત રેકર્ડ ઉપર ફરિયાદ પક્ષ જણાવી શકેલ નથી. વધુમાં ખુદ ફરિયાદીની જુબાની જોવામાં આવે તો તેઓએ પોલીસને કોઈ કાગળો રજૂ કરેલ હોય અને પોલીસે તે પંચનામાની વિગતે કબજે લીધેલ કે કાગળની વિગત ફરિયાદમાં લખાવેલ હોવાનો ઈન્કાર કરેલ છે. વધુમાં બચાવ પક્ષે ફરિયાદીની ઉલટતપાસ કરેલ છે તેમાં પણએ વાત કબુલ રાખેલ છે કે, મે પોલીસને સુસાઈડનોટ કે અન્ય કોઈ કુદરતી હસ્તાક્ષરના દસ્તાવેજો રજૂ કરેલ હોય અને પોલીસે મારી હાજરીમાં પંચનામાથી કબજે કરેલ હોય તેવું પણ બનેલ નથી. આમ આ કામે રજૂ થયેલ સુસાઈડનોટ અંગે ખુદ ફરિયાદીની જુબાનીથી પણ શંકા ઉપસ્થિત કરે તેવા પ્રકારનો દસ્તાવેજ હોય તેમ જણાય આવે છે. તેથી આવા દસ્તાવેજ અંગે એફ.એસ.એલ. દ્વારા જે રીપોર્ટ મોકલવામાં આવેલ છે તેના ખરાપણા અંગે પણ શંકા ઉત્પન્ન થાય તેવા સંજોગો ઉત્પન્ન થયેલ છે. ત્યારે માત્ર સુસાઈડનોટ ઉપર આધાર રાખીને આરોપીઓ વિરૂધ્ધનુ કોઈ અનુમાન કરી શકાય નહિ.

(૨૦) ફોજદારી ન્યાયશાસ્ત્રના સિદ્ધાંત તેમજ ભારતીય પુરાવા ધારાની જોગવાઈઓ મુજબ ફરિયાદપક્ષ આરોપી સામેનું તહોમત નિઃશંકપણે પુરવાર ન કરે ત્યાં સુધી આરોપીની નિર્દોષતાનું અનુમાન અદાલત માટે ફરજિયાત હોય છે. બીજા શબ્દોમાં, આરોપી સામેનો કેસ શંકાથી પર પુરવાર કરવાનો બોજો કાયદાથી ફરિયાદપક્ષ ઉપર લાદવામાં આવેલો છે. પ્રોસીકયુશન આરોપીઓ વિરૂધ્ધનો કેસ સાબિત કરવામાં નિષ્ફળ જાય તો તેનો લાભ આરોપીઓને આપવો જોઈએ. આરોપીઓએ કયાંય તેમની નિર્દોષતા સાબિત કરવાની નથી, તેમણે તો માત્ર વ્યાજબી શક અગર તો સંદેહ પરત્વે અંગુલી નિર્દેશ કરવાનો છે કે જેનો પ્રત્યક્ષ લાભ તેમના ફાળે જાય. નામ. સુપ્રિમકોર્ટે ૨૦૦૪ જી.એલ.એચ.એલ.ઈ. ૭૩૦૨ દસારી શિવાપ્રસાદ રેડ્ડી વિરૂધ્ધ પબ્લીક પ્રોસીકયુટરના ચુકાદામાં નિર્ણિત કરેલ છેકે, શંકા ગમે તેવી મજબુત હોય તો પણ તેના ઉપરથી સજા થઈ શકે નહિ અને "મે બી ટ્રુ" અને "મસ્ટ બી ટ્રુ" વચ્ચેનો તફાવત છે. આમ, ઉપરોક્ત તમામ હકીકતો ધ્યાને લેતાં સમગ્ર ચર્ચાને અંતે આરોપીઓએ ગુજરનારને આત્મહત્યા કરવા દુષ્પ્રેરણ પુરૂ પાડેલ હોવાનું, આરોપીઓ ગાળો આપેલ કે ધમકી આપેલ હોય કે આરોપીઓએ ગુજરનાર કે કોઈ પાસેથી બળજબરીપુર્વક ૧૦ લાખ રૂપિયા પડાવેલ હોય કે વધારે પચ્ચીસ લાખ પડાવવા માટે ધાકધમકી આપીને ગુજરનારને કે અન્ય કોઇને મૃત્યુ કે મહાવ્યથાના ભયમાં મુકેલ હોવાનું ફરીયાદપક્ષ વ્યાજબી શંકારહીત પુરવાર કરવામા સફળ રહેલ નથી. તેથી મુદ્દા નં.૨ નો જવાબ નકારમાં આપી, મુદા નં.૩ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>આખરી હુકમ</u>

(૧) ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૩૫(૧) હેઠળ, આ કામના બંને આરોપીઓને ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૬, ૩૨૩, ૩૮૬, ૩૮૭, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપીઓ કેસની ટ્રાયલ દરમ્યાન જામીન મુકત થયેલા હોય, પ્રત્યેક આરોપીએ ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ની કલમ ૪૩૭(એ) મુજબ, અપીલ સમયગાળા માટે રૂા.૧૦,૦૦૦/–(અંકે રૂપિયા દસ હજાર) ના જામીન તથા જાતમુચરકા સાત દિવસમાં અત્રેની અદાલતમાં રજૂ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામે ગુજરનારનો મોબાઈલ ફોન તથા આરોપીઓના મોબાઈલ ફોન કબજે કરવામાં આવેલ હતા. સદર મોબાઈલ ફોન અંગે જો વચગાળાની કસ્ટડી તરીકે પરત સોંપવાનો અગાઉ કોઈ હુકમ થયેલ હોય તો અપીલ સમય પુરો થતા પછી તે હુકમ કાયમી કરવામાં આવે છે. જો વચગાળાનો કોઈ હુકમ થયેલ ન હોય તો અપીલ સમય પુરો થયા પછી, ગુજરનારનો મોબાઈલ ફોન ફરિયાદીને સોંપી આપવો તેમજ આરોપીઓ પાસેથી કબજે કરેલ મોબાઈલ ફોન આરોપીઓને પરત સોંપી આપવાનો હુકમ કરવામાં આવે છે. તે સિવાય આ કેસમાં કબજે કરવામાં આવેલ મુદ્દામાલ બિનકીમતી હોય, અપીલ સમય બાદ નિયમ મુજબ નાશ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

➔ હુકમ, આજ તા.૦૫ મે, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.૦૫–૦૫–૨૦૨૬
રાજકોટ.

(સલીમ અબ્દુલ્લા ગલેરીયા)
આઠમા અધિક સત્ર ન્યાયાધીશ
રાજકોટ
**UIC CODE** 00731